## વડીલોને વંદન અભિનંદન


આજે જન્મદિવસ



નંદાબેન જાની
(૧૯૪૨) મો. ૯૯૨૪૮૫૦૧૭૩




તારાબેન અમૃતલાલ ત્રિવેદી
(૧૯૩૨) ફોન : ૬૫૭૩૩૯૭૩



ઈન્દ્રવદન માણેકલાલ શાહ
(૧૯૩૨) ફોન : ૨૩૨૨૫૩૩૪



કોકીલાબેન રજનીકાંત ત્રિવેદી
(૧૯૩૮) ફોન : ૨૩૨૨૯૯૯૬



શંકરભાઈ ગણેશભાઈ રાંદેરિયા
(૧૯૨૯)



જવાહરલાલ અમૃતલાલ મહેતા
(૧૯૪૦) ફોન : ૨૩૨૨૮૩૫૮

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

# ગુજરાતમાં સરકારી નોકરીમાં વયમર્યાદા વધારાઈ

## રાષ્ટ્રીય રમતોમાં વિજેતા ખેલાડીઓની શિષ્યવૃત્તિ ૨૫૦૦ કરાઈ : વ્યાયામ શિક્ષકોનાં દૈનિક વેતન ૩૦થી વધારી ૧૫૦ કરાયું : અનુસુચિત-જનજાતિને પણ રાહત : વિધાનસભાની ચૂંટણી પહેલાં શ્રેણીબદ્ધ રાહતોનો દોર જારી

રાજકોટ, તા.૧૭

વિધાનસભાની ચૂંટણી આડે




ગણતરીનાં દિવસો બાકી છે ત્યારે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ એકપછી એક જાહેરાતોનો મારો ચલાવીને મતદારોને પ્રભાવિત કરવાનાં પ્રયાસો જારી રાખ્યા છે. આજે મોદીએ વધુ કેટલીક જાહેરાતો કરી હતી જેમાં રાજ્ય સરકારની નોકરીઓની ભરતીની ઉપલી વય મર્યાદામાં વધારો કર્યો હતો. વય મર્યાદાને ૨૫ વર્ષથી વધારીને ૨૮ વર્ષ અને ૨૮થી વર્ષથી વધારીને ૩૦ વર્ષ કરી છે. આ ઉપરાંત અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ, સામાજિક શૈક્ષણિક પછાત વર્ગ અને મહિલાઓ માટે સુધારેલી વય મર્યાદામાં પાંચ વર્ષની રાહત આપી છે. સાથે સાથે યુવા ખેલાડીઓને પ્રોત્સાહન આપવાની જાહેરાત કરી છે. ૧૮૦૦ની શિષ્યવૃત્તિને વધારીને ૨૫૦૦ કરાઈ છે જ્યારે શાળા રમતોત્સવ ખેલાડીને ૧૨૦૦થી વધારીને ૨૦૦૦ કરવાની જાહેરાત કરી છે. વ્યાયામ સ્પર્ધામાં ફરજ બજાવતા શિક્ષકોનાં દૈનિક વેતનને ૩૦થી વધારીને ૧૫૦ રૂપિયા કર્યા છે જ્યારે વીંછીયા નવો તાલુકો

બનશે તેવી જાહેરાત પણ કરી છે. ઉપરાંત રાજકોટ મહાનગર બાંધકામ એફસીઆઈમાં ૨૫ ટકાનો વધારો કર્યો છે. ઉપરાંત જામનગર મહાનગરમાં લોરાઈઝ બિલ્ડિંગ એક પ્લસ ચાર કરી છે.

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રાજકોટમાં વિવેકાનંદ યુવા પરિષદમાં ઉપસ્થિત વિશાળ યુવાશક્તિને આહવાન કર્યું હતું કે, હિન્દુસ્તાનનું ભાગ્ય બદલવાનો મિજાજ બતાવે અને દેશને નિરાશાજનક સ્થિતિમાં ધકેલી દેનારા વર્તમાન શાસકોની શાન ઠેકાણે લાવે. ગુજરાતની યુવાશક્તિના નેતૃત્વ-વિકાસ અને બુદ્ધિબળ, ખેલ-કૌશલ્યને પ્રોત્સાહન આપવાની જાહેરાતો તેમણે કરી હતી. ગુજરાતની વિકાસયાત્રામાં યુવાનના સામર્થ્યને જોડવાની ભૂમિકા સાથે નરેન્દ્ર મોદીએ રાજ્ય સરકારની નોકરીઓની ભરતીમાં ઉપલી વયમર્યાદામાં વધારો કરવાની જાહેરાત કરી હતી. હાલ રાજ્ય સરકારની નોકરી માટે ભરતીની ઉપલી વયમર્યાદા ૨૫ વર્ષ છે તે વધારીને ૨૮ વર્ષ કરવામાં આવી છે અને જે નોકરી માટે વયમર્યાદા ૨૮ વર્ષ છે તે વધારીને ૩૦ વર્ષ કરી છે.

### રાહુલ ગાંધી રાષ્ટ્રીય નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય નેતા : નરેન્દ્ર મોદી

કોંગ્રેસી નેતા રાહુલ ગાંધી અને મોદીની તુલના થઈ શકે નહીં તે અંગે કહ્યું હતું કે, રાહુલ ગાંધી રાષ્ટ્રીય નેતા નહીં પણ આંતરાષ્ટ્રીય નેતા છે. ભારત જ નહીં ઈટાલીથી ચૂંટણી જીતી શકે છે. હું તો ગુજરાતની સેવામાં આજીવન કાર્યરત છું. છ કરોડ ગુજરાતીઓનાં પ્રેમમાં પાગલ છું.

મુખ્યમંત્રી રાજ્યમાં યુવાનોને રમત-ગમત અને વ્યાયામ ક્ષેત્રે કૌશલ્ય વર્ધન માટે વિવેકાનંદ સપના સાકાર કરવા માટે કેટલાક વધુ પ્રોત્સાહન આપવાની પણ જાહેરાત કરી હતી. રાષ્ટ્રીય રમત સ્પર્ધામાં પ્રથમ-દ્વિતીય-તૃતિય ક્રમે વિજેતા યુવા ખેલાડીઓને અપાતી રૂા. ૧૮૦૦ની શિષ્યવૃત્તિ વધારીને રૂપિયા ૨૫૦૦ અપાશે. શાળાકીય રમતોત્સવમાં ભાગ લેતા ખેલાડીને રૂપિયા ૧૨૦૦ મળતા હતા તે વધારીને રૂપિયા ૨૦૦૦ કરવામાં આવ્યા છે. તેમણે વ્યાયામ પ્રવૃત્તિમાં યુવાનોને પ્રોત્સાહિત કરવા વ્યાયામ સ્પર્ધામાં ફરજ બજાવતા વ્યાયામ શિક્ષકોના દૈનિક માનદ વેતનની હાલની રૂપિયા ૩૦ની રકમ વધારીને દૈનિક રૂપિયા ૧૫૦ માનદ વેતન આપવાની પણ જાહેરાત કરી હતી. ગુજરાત સરકારમાં ૯ લાખ કર્મયોગીઓ છે અને છેલ્લા દશ વર્ષમાં સાડા ત્રણ લાખ નવા થનગનતા ટેકનોસેવી, શિક્ષિત યુવાનોની ભરતી સરકારી નોકરીઓમાં કરી છે અને ગુજરાતનો આખો પોલીસ બેડામાં ૩૨,૦૦૦ શિક્ષિત નવજવાનોની ભરતી કરી છે તેનાથી સમગ્ર દેશનો આ સૌથી યુવાન ટેકનોસેવી બેડો બની ગયો છે.

# કોંગ્રેસ એક લાખ કર્મચારીઓની ખાલી જગ્યા સંપૂર્ણ વેતનથી ભરશે

## કોંગ્રેસ દ્વારા સાતમા મુદ્દાની જાહેરાત કરાઈ : સરકારી ભરતીમાં વય મર્યાદા ૩૫ વર્ષની કરીશું : ખાનગી એકમોમાં ૮૦ ટકા સ્થાનિક યુવાનોને રોજગારીનું વચન

અમદાવાદ, તા.૧૭

કોંગ્રેસ દ્વારા આગામી વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને ગુજરાત પ્રજા વિકાસ દર્શન -૨૦૧૨નો સાતમો મુદ્દો યુવા અને રોજગારીની જાહેરાત કરવામાં આવી છે. જેમાં કોંગ્રેસ જો સત્તા પર આવશે તો એક લાખ જેટલી સરકારી કર્મચારીઓની જગ્યાઓ ફીક્સ વેતન નહીં પણ પુરા પગારથી ભરાશે. સરકારી -અર્ધ સરકારી ભરતી માટે ઉંમર ૩૫ વર્ષની કરાશે.

નવી રોજગારી નીતિ લવાશે. દરેક કારખાના-ફેક્ટરીઓમાં ૮૦ ટકા સ્થાનિક રોજગારી આપવી પડશે. આ ઉપરાંત પાંચ વર્ષમાં ૧૦ લાખ શિક્ષિત યુવાનો માટે નવી રોજગારીનું સર્જન કરાશે. ૨.૫ લાખ શિક્ષિત બેરોજગારોને એપ્રેન્ટીસશીપ એક્ટ હેઠળ સ્ટાઈપેન્ડ સાથે એપ્રેન્ટીસ ટ્રેઈની તરીકે નિમણુંકો અપાશે. રાજ્યમાં ૧૦૦ નવી આઈટીઆઈ શરૂ કરીને આઈટીઆઈમાં નવો ટ્રેડ શરૂ કરાશે તથા કારીગર વર્ગ, વિશ્વકર્મા સમાજ, ભરત-ગુંથણ સહિતના વર્ગના યુવક યુવતીઓને તાલીમ આપવા ગુજરાત હેન્ડીક્રાફ્ટ એકેડેમીની રચના કરાશે.

પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અર્જુન મોઢવાડિયા, વિધાનસભા વિપક્ષના નેતા શક્તિસિંહ ગોહિલ અને કેઈમ્પેઈ કમિટીના ચેરમેન શંકરસિંહ વાઘેલાએ સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે, આઈટી ક્ષેત્રમાં રોજગારી વધારવા નવી આઈટી વ્યવસાય શિક્ષણ નીતિ અમલમાં મૂકી ગુજરાતને આઈટી હબ બનાવાશે તથા મહાનગરોમાં સીંગલ વ્યવસાયિક યુવક યુવતીઓ માટે વર્કીંગ મેન, વર્કીંગ વુમન હોસ્ટેલ સ્થાપીને સીંગલ રૂમ અપાશે. દરિયા કિનારા ઉપર નવી રોજગારી ઊભી કરવા માટે પ્રવાસન કેન્દ્રો તથા દરિયાઈ સંપત્તિનો વિકાસ કરાશે. આદિવાસી પૂર્વ પટ્ટીમાં પરંપરાગત વ્યવસાયો માટે



સ્વરોજગારી કેન્દ્રો, રોજગારીમાં મૂલ્ય વર્ધિતા માટે આંતરરાષ્ટ્રીય તાલીમ કેન્દ્રો ઊભા કરાશે. મોઢવાડિયાએ કહ્યું હતું કે, રાજ્યમાં ૧૦ લાખથી વધુ શિક્ષિત બેરોજગારો નોંધાયેલા છે. સરકારી નોકરીઓમાં અત્યારે લગભગ એક લાખ જગ્યાઓ એટલે કે ૩૩ ટકા જગ્યાઓ ખાલી છે. આ જગ્યાઓ પૂરા પગારથી ભરાશે. રાજ્યમાં નરેન્દ્ર મોદી સરકારે માત્ર માનીતા મોટા ઉદ્યોગપતિઓની જ ચિંતા કરી છે.

દેશમાં સરકારી અને ગૌચરની જમીનો મફતના ભાવે વેચવાનો મોદી સરકારનો રેકોર્ડ છે.

# કોંગ્રેસની ઉગ્ર રજુઆતથી હોમગાર્ડઝના વેતનમાં વધારો : નીશિત વ્યાસ

ગાંધીનગર, તા. ૧૭

૪૫ હજાર હોમગાર્ડઝ અને ૪૦ હજાર ગ્રામ રક્ષકોના વેતનમાં વધારો કરવાની રાજ્ય સરકારે જે જાહેરાત કરી છે તે અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી શ્રી નિસીત વ્યાસે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર હોમગાર્ડઝ અને ગ્રામ રક્ષકોનું અત્યાર સુધી નજીવુ વેતન આપીને શોષણ કરતી આવી છે અને અચાનક જ રાતોરાત ભાજપ સરકારને હોમગાર્ડઝ અને ગ્રામ રક્ષકો ઉપર હેત ઉભરાઈ આવ્યું હોય તેમ તાબડતોબ વેતન વધારાની જાહેરાત કરવાની જે ફરજ પડી છે તેનો યશ માત્રને માત્ર કોંગ્રેસ પક્ષ દ્વારા આ અગાઉ ઉઠાવવામાં આવેલ વિરોધને કારણે જ શક્ય બની ગયું છે. ભાજપ સરકારે બોર્ડર ઉપર જે હોમગાર્ડઝ જવાનો હતા તેમને અન્યાય કર્યો છે. અન્ય રાજ્યોમાં બોર્ડર ઉપરના હોમગાર્ડઝ જવાનોને કાયમી નોકરીમાં સમાવાવમાં આવ્યા હતા. જ્યારે ભાજપ સરકાર હોમગાર્ડઝ જવાનોને કાયમી કરવાની વિરૂદ્ધમાં છે અને તેને પડકારવા કોર્ટમાં ગઈ હતી પરંતુ કોર્ટે આ બોર્ડર ઉપરના જવાનોને કાયમી કરવા માટે જણાવતાં ના છુટકે બોર્ડર ઉપરના હોમગાર્ડઝને તેમના હક્ક આપવાની ભાજપ સરકારને ફરજ પડી છે. કોંગ્રેસ શાસિત અન્ય રાજ્યોમાં રૂ. ૩૦૦ જેટલું વેતન આ હોમગાર્ડઝોને આપવામાં આવે છે અને તેમની સમાનકામ-સમાનવેતન આપી પૂરતી સલામતી પણ આપવામાં આવે છે.

શ્રી નિશીત વ્યાસે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં ભાજપ સરકાર દ્વારા નાના કર્મચારીઓને સતત હેરાનગતિ કરવામાં આવે છે. શિક્ષિત યુવાનોની લાયકાત હોવા છતાં તેમને યોગ્ય કામગીરી આપવામાં આવતી નથી. જે કામગીરી આપવામાં આવે છે તેમને વેતન પુરેપુરૂ આપવામાં આવતું નથી. આમ યેનકેન પ્રકારે ભાજપ સરકાર રાજ્યના નવ યુવાનોનું શોષણ કરીને પોતાની માનસિકતા પ્રસ્તુત કરતી રહી છે. શ્રી વ્યાસે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભાજપ સરકારે તેની શોષણ નીતિથી શિક્ષિત યુવાનો અને શોષણનો ભોગ બનેલ તમામ વર્ગ સરકાર વિરૂદ્ધ ચૂંટણીમાં મતદાન કરશે તેવો અંદેશો આવી જતાં રાતોરાત હોમગાર્ડઝ અને ગ્રામરક્ષકોના વેતનમાં વધારો જાહેર કરી દેવાની ફરજ પડી ગઈ હોય તેમ જાહેરાત કરી દીધી છે. ભાજપ સરકારે છેલ્લા ૧૦ વર્ષથી માત્ર ને માત્ર પાંચ-સાત ઉદ્યોગપતિઓની ચિંતા કરીને તેમની તિજોરી ભરી છે અને આ માલેતુજાર માટે જ ગાંધીનગરમાં સરકાર ચલાવતા હોય તેવી રીતે શાસન કરીને આમ પ્રજાનું એક યા બીજે રીતે શોષણ કર્યું છે તે દેખિતી બાબત બની ગઈ છે. ૧૦ લાખ જેટલા શિક્ષિત યુવકો બેરોજગાર બની ફરી રહ્યા છે અને એટલા જ ન નોંધાયેલા યુવાનો છે.

# કલોલમાંથી દોઢ વર્ષની દીકરી સાથે માતા ગુમ

કલોલ, તા. ૧૭

કલોલ તાલુકામાં દિન-પ્રતિદિન ગુમ થવાના કિસ્સાઓ વધી રહ્યા છે ત્યારે શહેરનાં પૂર્વ વિસ્તારમાંથી ઘર છોડીને ચાલી જવાનાં બે કિસ્સાઓ નોંધાયા છે. જેમાં એક કિસ્સામાં ૨૦ વર્ષીય યુવતી પોતાની દોઢ વર્ષીય દીકરીની સાથે કોઈને કહ્યા વગર ચાલ્યા ગયેલ છે. જ્યારે બીજા કિસ્સામાં આશરે ૫૦ વર્ષીય પ્રૌઢ પુરૂષ પણ કોઈ અંગત કારણોસર ઘર છોડીને ચાલ્યા ગયા હતા.

પ્રાપ્ત થતી માહિતી અનુસાર શહેરનાં પૂર્વ વિસ્તારમાં બળીયાદેવની ચાલીમાં રહેતી ૨૦ વર્ષીય યુવતી મધુબેન રાઠોડ પોતાની દોઢ વર્ષની દીકરી ધર્મીષ્ઠાને લઈને ઘરમાં કોઈને કંઈ જ કહ્યા વિના ચાલ્યા ગયા હતા. ઘરના સભ્યો દ્વારા પાડોશીઓ અને સગા-સંબંધીઓને પૂછપરછ કરવા

### પૂર્વ વિસ્તારમાંથી ૫૦ વર્ષીય પ્રૌઢ પણ લાપત્તા

છતાંય કોઈ જાણકારી ન પ્રાપ્ત થતાં કલોલ શહેર પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ અરજી દાખલ કરી છે. જેના આધારે પોલીસ શોધખોળની તપાસ હાથ ધરી છે.

બીજી તરફ શહેરનાં પૂર્વ વિસ્તારમાંથી જ મૂળહંસ સોસાયટીના બંગલો નં. ૧૯માં રહેતા ૫૦ વર્ષીય પ્રવિણભાઈ અમૃતલાલ સોલંકી ગત ૨૫મીના રોજ ઘરમાં કોઈને કંઈ જ કહ્યા વગર ચાલ્યા ગયા હતા. પ્રવિણભાઈ અંગે સગા-સંબંધીઓને પૂછપરછ કરતાં કોઈ જ જાણકારી ન મળતા તેમના પત્ની રમીલાબેને કલોલ શહેર પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ અરજી દાખલ કરી છે. જેના આધારે પોલીસે તેમની શોધખોળ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## સરપંચોનું મહાસંમેલન

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગુજરાતના ગામડાઓમાં રાજ્ય સરકારે તેના શાસનકાળ દરમ્યાન ઉર્જાક્ષેત્રે, પીવાના પાણી માટે સિંચાઈ માટે ગામડાઓને પાકા રસ્તાઓથી જોડવા માટે નજીકમાં જ આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ થાય તે માટે કયા કયા વિકાસ કામો હાથ ધરવામાં આવ્યા, કેટલી સિદ્ધિઓ હાંસલ કરવામાં આવી એ અંગેની વિકાસની યશગાથાઓની વિગતો વર્ણવતી સરકારના વિવિધ વિભાગો દ્વારા તૈયાર કરવામાં આવેલી પુસ્તિકાઓ સરપંચોને વિતરીત કરવામાં આવશે અને તે ગામડાઓ સુધી પહોંચતી કરાશે.

વિધાનસભા ચૂંટણીઓ નજીક આવી રહી છે ત્યારે ભાજપ સરકારે યુવા વિકાસ યાત્રાથી ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કરી દીધા છે. હવે આવતીકાલે એક જ સ્થળે રાજ્યના ૧૪ હજાર ગામડાઓના સરપંચોને એકઠા કરીને સીધો જ રાજ્યના તમામ ગામડાઓ સુધી ચૂંટણી પ્રચારનો સંદેશો પહોંચાડવામાં આવશે.

આવતીકાલે મળનારા સરપંચોના સંમેલનમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી કેટલીક વધુ નવી જાહેરાતો ગામડાના વિકાસ માટે કરે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

**જાહેરનામું**

**જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ (સને ૧૮૯૪નો ૧લો)**

મોજે : (૧) મંડાલી, (૨) ચન્દ્રોડા, તાલુકો : બેચરાજી, જિલ્લો : મહેસાણા

નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારી (ન.યો)

એકમ-૧, મહેસાણાના કલમ-૬ના જાહેરનામા ક્રમાંક :

| અનું. | ક્રમાંક | ગામ | તારીખ | કેસ નંબર |
|---|---|---|---|---|
| ૧. | નં./ખા.જ.સં.અ./એ.૧/ક.૬/૬૫૩/૧૨ | મંડાલી | ૪/૯/૧૨ | ૧૦/૧૨ |
| ૨. | નં./ખા.જ.સં.અ./એ.૧/ક.૬/૬૫૪/૧૨ | ચન્દ્રોડા | ૪/૯/૧૨ | ૧૧/૧૨ |

નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારી (ન.યો)

એકમ-૧, મહેસાણાના કલમ-૪ના જાહેરનામા ક્રમાંક :

| અનું. | ક્રમાંક | ગામ | તારીખ | કેસ નંબર |
|---|---|---|---|---|
| ૧. | નં./ખા.જ.સં.અ./એ.૧/ક.૪/૪૫૨/૧૨ | મંડાલી | ૪/૯/૧૨ | ૧૦/૧૨ |
| ૨. | નં./ખા.જ.સં.અ./એ.૧/ક.૪/૪૫૬/૧૨ | ચન્દ્રોડા | ૪/૯/૧૨ | ૧૧/૧૨ |

અન્વયે એવું નિર્દિષ્ટ કરવામાં આવ્યું હતું કે, આ સાથેની અનુસૂચિમાં દર્શાવેલ (હવે પછી જેનો ઉલ્લેખ 'જમીનો' તરીકે કર્યો છે) આ સાથેની અનુસૂચિમાં જણાવેલ સાર્વજનિક હેતુ માટે જરૂરી બનવાનો સંભવ છે.

જમીન સંપાદન ધારાની કલમ-૫૨(એ) અન્વયે આપવામાં આવેલી સત્તા અન્વયે નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી (નર્મદા યોજના) એકમ-૧ મહેસાણાને જમીન સંપાદન અધિનિયમ ૧૮૯૪ (સને ૧૮૯૪ના ૧લો)ની કલમ-૫(ક)ની પેટા કલમ(૨) મુજબના અહેવાલને વિચારણામાં લીધા બાદ નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારી (નર્મદા યોજના) એકમ-૧, મહેસાણાને એવી ખાતરી થઈ છે કે, હિત સંબંધ ધરાવતા ઈસમો તરફથી કોઈ વાંધો લેવામાં આવેલ નથી અને ઉક્ત જમીનોની આ સાથેની અનુસૂચિમાં દર્શાવેલ સાર્વજનિક હેતુ માટે જરૂરી છે.

આથી ઉક્ત અધિનિયમની કલમ-૬ની જોગવાઈઓ અન્વયે એવું જાહેર કરવામાં આવે છે કે, ઉક્ત જમીનો આ સાથેની અનૂસૂચિમાં દર્શાવેલ સાર્વજનિક હેતુ માટે જરૂરી છે.

તા. ૨૬-૮-૧૦ના મહેસુલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : ધમ/૧૦/૫૭/મ/અધિકા/પરચ/૨૦૧૦/૮૩૨/લ-૧ સાથે વાંચતા જમીન સંપાદન અધિનિયમ-૧૮૯૪ની કલમ-૩ના ખંડ (ગ) અન્વયે આથી ઉક્ત જમીનો અંગે હવે પછી હાથ ધરવાની થતી બધી કાર્યવાહીઓ બાબતમાં કલેક્ટરની ફરજો બજાવવા માટે નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી (નર્મદા યોજના) એકમ-૧, મહેસાણાને નીમવામાં આવેલ છે. ઉક્ત જમીનોના સંપાદન માટેનો હુકમ મેળવવાનું પણ અધિનિયમની કલમ-૭ અન્વયે ૨૬મી ઓગસ્ટ, ૨૦૧૦ના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : ધમ/૧૦/૫૭/મ/અધિકા/પરચ/૨૦૧૦/૮૩૨/લ-૧ સાથે વાંચતા તેમને ફરમાવવામાં આવે છે.

ઉક્ત જમીનોનો નકશો નાયબ કલેક્ટર અને ખાસ જમીન સંપાદન અધિકારીની કચેરી (ન.યો.) એકમ-૧, પાંજરાપોળ શોપીંગ સેન્ટર, પરા તળાવ પાસે, મહેસાણા-૧ ખાતે તપાસી શકાશે (કચેરી સમય દરમિયાન)

**(૧) અનુસૂચિ**

વળતર કેસ નં. ૧૦/૧૨

જિલ્લો : મહેસાણા, તાલુકો : બેચરાજી, ગામ : મંડાલી (ભાગ-૧)

| સર્વે નંબર ૨. | જરૂરી જમીનોનું ક્ષેત્રફળ ૩. | જે માટે જમીનો જરૂરી હોય તે સાર્વજનિક હેતુ ૪ |
|---|---|---|
| ૮૨ | ૦-૦૦-૫૩ | સરદાર સરોવર નર્મદા નિગમ લિ. હસ્તકની નર્મદા યોજનાની મુજપુર ડીસ્ટ્રીબ્યુટરીમાંથી નીકળતી ચન્દ્રોડા માઈનોરના બાંધકામ માટે. |
| ૮૪ | ૦-૧૪-૫૩ | |
| ૯૧ | ૦-૦૬-૧૨ | |
| ૯૧/૧ | ૦-૦૭-૧૯ | |
| પો.ખ. | ૦-૦૦-૪૧ | |
| ૯૪/૨ | ૦-૦૯-૦૭ | |
| ૯૪/૧ | ૦-૦૬-૪૫ | |
| કુલ : ૬ | ૦-૪૪-૩૦ | |

**(૨) અનુસૂચિત**

વળતર કેસ નં. ૧૦/૧૨


જિલ્લો : મહેસાણા, તાલુકો : બેચરાજી, ગામ : ચન્દ્રોડા

| સર્વે નંબર ૨. | જરૂરી જમીનોનું ક્ષેત્રફળ ૩. | જે માટે જમીનો જરૂરી હોય તે સાર્વજનિક હેતુ ૪ |
|---|---|---|
| ૩૯૩ | ૦-૩૦-૦૧ | સરદાર સરોવર નર્મદા નિગમ લિ. હસ્તકની નર્મદા યોજનાની બોલેરા શાખા નહેરમાંથી નીકળીત મુજપુર ડીસ્ટ્રીબ્યુટરી બાંધકામ માટે |
| ૩૯૦ | ૦-૨૫-૧૨ | |
| ૩૫૫ | ૦-૧૪-૦૫ | |
| ૩૫૨ પૈકી | ૦-૧૬-૨૩ | |
| ૩૫૦ | ૦-૧૦-૫૧ | |
| ૩૪૯ પૈકી | ૦-૧૨-૨૪ | |
| ૩૪૮ પૈકી | ૦-૧૮-૯૬ | |
| ૩૪૬ | ૦-૫૨-૧૫ | |
| ૩૪૫ પૈકી | ૦-૧૮-૧૯ | |
| ૩૪૪ | ૦-૨૭-૧૮ | |
| ૩૦૯ પૈકી | ૦-૧૫-૫૭ | |
| ૩૦૮ | ૦-૪૧-૧૮ | |
| ૩૧૦ પૈકી | ૦-૦૨-૧૮ | |
| ૩૦૬/૧૫ | ૦-૩૭-૨૧ | |
| ૩૦૬/૧૬ | ૦-૩૫-૮૦ | |
| પો.ખ. | ૦-૦૧-૩૯ | |
| કુલ :૧૫ | ૩-૫૮-૪૭ | |

(એસ. એન. ચૌધરી)
નાયબ કલેક્ટર અને
ખાસ જમીન સંપાદન અધિકારી,
(ન.યો.) એકમ-૧, મહેસાણા

ક્રમાંક : નામાનિ/મહે/૨૬૯/૨૦૧૨-૧૩

## શબ્દાવલી - ૪૮૪૫



**આડી ચાવી**

૧. આકાશ, ગગન મંડળ (૪)
૪. 'અપર' શબ્દ આડોઅવળો (૩)
૬. ઉધાર અને... (૨)
૭. મેળવવું, પ્રાપ્તિ (૪)
૯. યાચના કરવી (૩)
૧૦. પરીક્ષા (૨)
૧૧. અળવીતરૂં (૫)
૧૪. સમાપ્તિ, છોડી દેવું તે (૪)
૧૬. ચુલો (૨)
૧૭. નિસાસો (૩)
૧૮. બાપુજી, મોટા બાપુ (૨)
૧૯. પગના તળિયામાં બળતરા થાય તેવી ગરમીને પણ કહેવાય (૨)

**ઊભી ચાવી**

૧. અધવચ્ચે (૫)
૨. મનાવવું (૪)
૩. માફી (૨)
૫. પૂજન..., અર્ચના કરવી (૩)
૭. બાગ બગીચો (૪)
૮. પૃથ્વીનું બહું ઊંડુ તળ (૩)
૧૧. અરજ (૨)
૧૨. ડખલગીરી (૪)
૧૩. કાનનું એક ઘરેણું (૨)
૧૪. ભરોસો (૩)
૧૫. એક ચોપગું પ્રાણી (૩)

### શબ્દાવલી ૪૮૪૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) સરઘસ (૪) ચૌદસ (૭) મફત (૯) લાગ (૧૦) સારસબેલડી (૧૧) સરાણ (૧૬) ગંધાર નરેશ (૧૭) ડેની (૧૮) ચાક (૧૯) અરસપરસ

**ઊભી ચાવી :-** (૧) સરકસ (૨) ઘમસાણ (૩) સફર (૫) દલાલ (૬) સગડી (૮) તસપા (૧૨) રાજધાની (૧૩) જાનદાર (૧૪) તાશ (૧૫) બારકસ (૧૬) ગંડેરી (૧૮) ચાર